આપનું સપ્તાહ કેવું જશે?

તા.૧૬/૧૧/૨૦૨૬ થી તા.૨૨/૧૧/૨૦૨૬ સુધી

લેખકઃ જ્યોતિષાચાર્ય હંસરાજ **મો. નં.: 9825726442**
E-mail : bharatjyotish03@yahoo.co.in



મેષ (અ,લ,ઈ):- કામની વ્યસ્તતાના કારણે અનુકૂળ પરિણામ આપનાર વીક રહેશે. માટે પરિસ્થિતિ પ્રમાણે જાતને તૈયાર રાખવી. જવાબદારી નિભાવવા માટે સમય કાઢવો પડશે. સહકર્મી અને ઉપરી વર્ગનો સહકાર મળશે. નવા પ્રોજેક્ટમાં જવાબદારી વધશે. નવા રોકાણમાં ધીરજ રાખવી. પ્રેમમાં ગેરસમજ થાય. મિત્રો વગેરે સાથે સમજદારી રાખવી. વિદ્યાર્થીઓની અશાંતિ વધશે. થાકનો અનુભવ વધે. સમાજ, પરિવાર, ભાગીદારી વગેરેમાં તાલમેળ રાખવો પડશે.



વૃષભ (બ,વ,ઉ):- સપ્તાહની શરૂઆત ખુશખબરીથી થશે. માતા-પિતા વડીલો વગેરેનો સાથ મળશે. પ્રેમમાં સમજદારી વધશે. સમસ્યાનો હલ કાઢવાની ક્ષમતાથી પ્રભાવ વધશે. આયાત-નિકાસ, વિદેશ પ્રવાસ અને ઉચ્ચ શિક્ષણને લગતા કામમાં પ્રગતિ થશે. આર્થિક વ્યવહારમાં સાવધાની રાખવી. નવા વેપાર ધંધાના તથા જૂની પ્રોપર્ટીના સોદા થઈ શકે છે. નોકરીમાં નવી તક મળે. પ્રેમમાં સાથ અને નવા રોકાણમાં યોગ્ય સલાહ મળે. આવક વધે.



મિથુ (ક,છ,ઘ):- ભવિષ્યમાં આવનાર આર્થિક ભીંસથી બચવાની યોજના બનાવવી પડશે. સપ્તાહ સામાજિક સમારોહમાં નવા સંબંધોમાં વ્યસ્ત રહે. ઉધાર-લેવા-દેવાનું ટાળવું. પોતાના નવા વિચારોથી બીજાને પ્રેરણા મળે. કોર્ટ-કચેરીમાં અનુકૂળતા થાય. ધાર્મિક યાત્રા થાય. જીવનસાથીનો સાથ મળે. કોર્ટ-કચેરીમાં અનુકૂળતા થાય. ધાર્મિક યાત્રા થાય. જીવનસાથીનો સાથ મળે. શુભ સમાચાર મળે. વિદેશના કામમાં પ્રગતિ થાય. નવા વેપાર ધંધાની યોજના બને. સંતાનોની સમસ્યા સતાવે. વિદ્યાર્થીઓની અશાંતિ વધે.



કર્ક (ડ,હ):- ચાલુ વીકમાં કોર્ટ-કચેરીમાં મદદ મળે. સમાજમાં યશ મળે. મોટા ભાગના કામમાં ભાગ્યના સાથનો અનુભવ આત્મવિશ્વાસ વધારશે. વારસાનાં કામ થાય. સરકારી કામમાં સહી-સિક્કામાં સાવધાની રાખવી. નકારાત્મક લોકો અને વિચારથી બચવું. ઉઘરાણીની ચિંતા સતાવે. લાંબી યાત્રાની યોજના બને. પિતા સાથે ઘર્ષણ થાય. કાયદા કાનૂનમાં મદદ મળે. સમાજમાં માન વધે. આર્થિક પ્રગતિની તક ઊભી થાય.



સિંહ (મ,ટ):- સપ્તાહ દરમિયાન આરોગ્યની સમસ્યાનું સમાધાન થાય. નોકરીમાં નવી તક મળે. વિજાતિય આવેગથી ગેસમજ પેદા થાય. માતા સાથે ઘર્ષણ થાય. કુટુંબ સમસ્યા સતાવે. ઉંમરલાયકના વિવાહની વાતોમાં વિલંબ થાય. રોજના કામમાં બોજ વધશે. સરકારી નોકરીમાં નવી જવાબદારી વધે. પડવા-વાગવાથી સાવધાન રહેવું. જીવનસાથી સાથે ધાર્મિક યાત્રાથી શાંતિ મળશે.



કન્યા (પ,ઠ,ણ):- વીક દરમિયાન વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન મળે. રોજની આવક વધે. પ્રેમમાં આત્મીયતા વધે. મિત્રોનો સાથ મળે. નવા રોકાણથી લાભ થાય. પરિવાર સાથે ધાર્મિક પ્રવાસ થાય. નવા સામાજિક સંબંધો વધશે. નોકરીમાં પ્રમોશન થાય. સરકારી નોકરીમાં નવી તક મળે. આરોગ્ય બાબતે સાવધાની રાખવી. કોઈની વાતોમાં આવવું નહીં. આર્થિક વ્યવહારમાં સાવધાન. ઘરમાં શાંતિ રાખવી.



તુલા (ર,ત):- ચાલુ વીકમાં કેરીયરમાં નવી તકો મળશે. વ્યવહારી નિર્ણય અને ભાવનાત્મક બાબતોથી દૂર રહીને તકનો લાભ ઉપયોગી બની રહેશે. નવાં ઘર, મકાન, મિલકત, વારસા, વાહન વગેરે બાબતે અનુકૂળતા વધશે. નોકરીમાં સ્થાનફેર થાય. બહારનાં કામ થાય. લાંબી મુસાફરીની યોજના બને. વિદ્યાર્થીઓને નવું શીખવા મળે. હરીફાઈયુક્ત પરીક્ષામાં સફળતા મળે. પ્રેમમાં ધીરજ રાખવી. નવા રોકાણથી લાભ થાય.



વૃશ્ચિક (ન,ય):- સપ્તાહમાં નવા વિચારોને અનુસરવાથી લાંબા સમયથી અટકેલા કામમાં ગતિ આવશે. યોગ્ય સલાહથી ભૂલો સુધારશે. નવું શીખવાની તક મળે. લાગણીઓ પર કાબૂ રાખવો. નોકરીમાં પ્રમોશન મળે. ઘરમાં નવા ફેરફાર થાય. વડીલોની સમસ્યા સતાવે. બહારના કામનો બોજ વધશે. વિદ્યાર્થીઓએ સખત મહેનત કરવી પડશે. નવાં રોકાણ થાય. પ્રેમમાં ગેરસમજ થાય. નોકરીમાં નવી તક મળે. હરીફોથી સાવધાન.



ધન (ભ,ધ,ફ,ઢ):- ચાલુ વીકમાં કેરીયરમાં નવા અવસર મળે. માનસિક અશાંતિથી ઘરમાં તાલમેળ ઓછો રહે. સંતાનોના કામમાં મદદ મળે. ઉઘરાણી આવવાથી નવી બચત યોજના પાર પડે. નવા કામમાં આત્મવિશ્વાસથી શરૂઆત થાય. મિત્રો વગેરેનો સાથ મળે. પ્રેમમાં સાથ મળે. આવક વધારવાની યોજના બને. નવા ઘરમાં નવા ફેરફાર કે વાહન વગેરેના કામ પાર પડશે. અચાનક શુભ સમાચાર મળે.



મકર (ખ,જ):- ચાલુ વીકમાં વડીલોના આરોગ્યની સમસ્યા સતાવે. ઘરના કામનો બોજ વધે. નોકરીમાં નવી તક મળે. સમાજજીવનમાં માન વધે. અચાનક લાંબી મુસાફરીની યોજના બને. ઉઘરાણી અટકે. ખર્ચા વધશે. વાદ-વિવાદથી માનસિક પીડા સતાવે. વિદ્યાર્થીઓને પરીક્ષામાં અનુકૂળતા રહે. હરીફાઈમાં નંબર આવી શકે છે. ઘરમાં નવો ફેરફાર થાય. આવક વધે. વારસાના કામમાં પ્રગતિ થાય.



કુંભ (ગ,સ,શ,ષ):- વીક દરમિયાન આરોગ્યનું ધ્યાન રાખવું. કામનો બોજ વધશે. યાત્રા-પ્રવાસથી થાક અને માનસિક અશાંતિ વધશે. વિદેશના કામ થાય. બિનજરૂરી ખર્ચા વધશે. વડીલોના આરોગ્યની ચિંતા સતાવે. સામાજિક અને પારિવારિક સમસ્યાના સમાધાનથી આત્મવિશ્વાસ વધશે. ઉંમરલાયકને યોગ્ય પાત્ર મળે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવશે. ઉઘરાણી આવી શકે છે. અચાનક ઉચ્ચ કોટિનાં લોકોને મળવાનું બનશે.



મીન (દ,ચ,ઝ,થ):- સપ્તાહ દરમિયાન પ્રભાવશાળી લોકોને મળવાનું બને. નોકરીમાં ઉત્તમ તક ઊભી થાય. સંતાનોના કામમાં પ્રગતિ થાય. નવા રોકાણથી લાભ થાય. આગળ કરેલા રોકાણનો લાભ મળે. વિદ્યાર્થીઓને નવું શીખવા મળે. પ્રેમમાં છેતરાઈ જવાનું બને. અચાનક શુભ સમાચાર મળે. પ્રેમમાં વિવાહની ઓફર મળે, નવા સામાજિક સંબંધો વિકસિત થાય. આવક વધે.

ગુજરાતની કુંડળી શું કહે છે?

ગુજરાતમાં 2027ની ચૂંટણીઓનાં પરિણામ ચોંકાવનારાં હશે

ગુજરાત વિધાનસભા ચૂંટણી 2027ને લઈને રાજકીય પક્ષો દ્વારા તૈયારીઓ અને રાજકીય ગતિવિધિઓ શરૂ થઈ ગઈ છે.

આપણે જ્યોતિષની દૃષ્ટિએ ગુજરાતના ભાવિ વિષે જાણવાની કોશિશ કરીએ. ગુજરાતની સ્થાપના કુંડળી પ્રમાણે મંગળના ઘરનું મેષ લગ્ન શુક્રના ભરણી નક્ષત્રનું છે માટે લગ્ન પર શુક્રનો પ્રભાવ વધુ જોવા મળે છે. વૈભવ, સુખ, સમૃદ્ધિ, વેપાર-ઉદ્યોગ અને કલા, સાહિત્ય વગેરેમાં મંગળ કરતાં શુક્રનો પ્રભાવ છે. કારણ કે નક્ષત્ર પ્રમાણે ગ્રહોનો સ્વભાવ બદલાતો હોય છે. પંચમેશ સૂર્ય પોતાની ઉચ્ચ રાશિમાં પણ શુક્રના ભરણી નક્ષત્રમાં છે માટે સરકારનું વચમાં કે અધવચ્ચે પતન થતું નથી. મોટા ભાગે ગુજરાતમાં સત્તા પક્ષ પાંચ વર્ષ પૂર્ણ કરે છે. તેનું કારણ લગ્નમાં ઉચ્ચનો સૂર્ય-સાતમાના માલિક શુક્ર સાથે છે. સાતમું સ્થાન જાહેર પબ્લીકનું અને તેમાં પણ સ્ત્રી વર્ગનું પ્રતિનિધિત્વ શુક્ર અને સાતમું સ્થાન કરે છે માટે ચૂંટણીનાં પરિણામોમાં સ્ત્રી વર્ગનો પ્રભાવ જોવા મળે છે.

મેષ લગ્ન અગ્નિ તત્ત્વનું અને સ્વામી મંગળ પણ અગ્નિ તત્ત્વનો ઊર્જા, સાહસ, સ્વતંત્રતા, સ્પષ્ટતા અને પ્રભાવશાળી નેતૃત્વનો કારક હોવાના નાતે ગુજરાતની પ્રજા ખમીરવંતી અને નેતૃત્વગુણ ધરાવે છે. વૈદિક જ્યોતિષ પ્રમાણે ગુજરાતની કુંડળીમાં મંગળ, સૂર્ય અને ગુરુ શુભ ફળ તથા આ ગ્રહોની દશા અંતર દશામાં ગુજરાતની સુખાકારી વધી તેનું કારણ 1967 થી 1983 દરમિયાન ભાગ્યેશ ગુરુની મહાદશામાં સંઘર્ષ અને અનેક મુસીબતો પછી ગુજરાત પોતાની ઓળખી ઊભી કરવામાં સફળ રહ્યું છે. ચંદ્ર પણ મેષ લગ્નમાં શુભ ફળ આપનાર બને છે.

શનિ બાધક અને સમસ્યાઓ આપનાર બને છે પણ દસમાનો માલિક હોવાથી અને ભાગ્યમાં ગુરુ સાથે હોવાથી તથા શુક્રના નક્ષત્રના કારણે 1984થી 2002 સુધીમાં મુસીબતો, સંઘર્ષ, આંદોલન, હુમલા, હુલ્લડ, આતંકવાદ અને સ્વાર્થી રાજનેતાઓ કે પક્ષની કૂટનીતિના કારણે અનેક મુસીબતો બદનામી, અપયશ, જનતાની સુખાકારીના ભોગે પણ શનિએ ગુજરાતને સ્થિર અને સમૃદ્ધ બનાવ્યું.

ગુજરાતની કુંડલીમાં શુક્ર અને બુધ મારકેશ બને છે. તે અશુભ ફળ આપનાર બને છે. માટે બુધની મહાદશા 2002 થી 2019 સુધીમાં વિચિત્ર રાજનીતિનો ભોગ જ ગુજરાત બન્યું છે. પણ તેના વેપાર-ધંધાનો વિકાસ થયો. શિક્ષણ ક્ષેત્રે ગુજરાતની સ્થિતિ આ સમય દરમિયાન સારી રહી નથી. શિક્ષણ સમાજના વિકાસનો મુખ્ય આધાર જે બુધની મહા દશામાં ડામાડોળ થયો કારણ બુધ મારકેશ એટલે કે મુસીબતો કે વિપરીત ફળ આપનાર બને છે. 2019 થી 2026 નવેમ્બર સુધીની કેતુની મહા દશાએ ગુજરાતના વિકાસને સ્થિર કરી નાખ્યો. ફક્ત રાજકીય પક્ષો અને રાજકીય કે સત્તાધારી નેતાઓનો જ વિકાસ થયો પણ ગુજરાતનો નહીં કારણ કેતુ બારમે મારકેશ બુધ સાથે છે.

2026 નવેમ્બર એટલે કે 11-11-2026 થી મારકેશ શુક્રની મહાદશા ચાલુ થઈ છે અને આ દશા 2046 સુધીની છે. શુક્ર મારકેશ થઈને મારક સ્થાન પર દૃષ્ટિ કરે છે અને તે મંગળની રાશિ અને કેતુના નક્ષત્રમાં હોવાથી સૌથી પ્રથમ સ્ત્રી વર્ગને પ્રભાવિત કરશે તથા આરોગ્ય અને શારીરિક સમસ્યા પેદા કરીને ખર્ચા વધારશે. લોકોની માનસિક સ્થિતિ કાબુમાં નહી રહે. આક્રોશ વધશે

2026 નવેમ્બર એટલે કે 11-11-2026 થી મારકેશ શુક્રની મહાદશા ચાલુ થઈ છે અને આ દશા 2046 સુધીની છે. શુક્ર મારકેશ થઈને મારક સ્થાન પર દૃષ્ટિ કરે છે અને તે મંગળની રાશિ અને કેતુના નક્ષત્રમાં હોવાથી સૌથી પ્રથમ સ્ત્રી વર્ગને પ્રભાવિત કરશે તથા આરોગ્ય અને શારીરિક સમસ્યા પેદા કરીને ખર્ચા વધારશે. લોકોની માનસિક સ્થિતિ કાબુમાં નહી રહે. આક્રોશ વધશે. શુક્ર ભૌતિક સુખ-સમૃદ્ધિ અને સુવિધાજનક રહેણી કરણીનો કારક છે આ વ્યવસ્થા જનતાને આક્રોસીત કરશે અને સમાજ વગેરેમાં બદલાવ એટલે કે જે સ્થિતિ છે તે સ્થિતિમાંથી બહાર નિકળવાની યોજનામાં સફળતા આપીને નવી વ્યવસ્થાનું નિર્માણ કરશે.

બીજો ધન ભાવ શુક્રના પ્રભાવમાં છે. આ કુટુંબ અને સામાજિક વ્યવસ્થાનું પ્રતિનિધિત્વ કરે છે માટે મોંઘવારી, રોજગારીના કારણે પરિવારોનો આક્રોશ પરમસીમાએ જશે અને સાતમો ભાવ જે ભાગીદારીને પ્રભાવિત કરે છે માટે સરકારની સાથે જોડાયેલ લોકો નેતા-પક્ષ વગેરેમાં મતભેદો પેદા કરશે અને નવી વ્યવસ્થા માટે વાતાવરણ પેદા કરશે. જ્યોતિષના નિયમ પ્રમાણે શુક્ર જ્યારે મારકેશ બને છે ત્યારે દેશે રાજ્ય માટે આર્થિક અને સામાજિક પરિસ્થિતિ પ્રભાવિત થાય છે અને સરકારની બદનામી થાય છે. લોકોનો વિશ્વાસ સરકાર પરથી ઊઠવા માંડે છે અને પરિવર્તનનું વાતાવરણ પેદા કરે છે.

હાલમાં સિંહ રાશિમાં ગુરુ-મંગળ કેતુનો યોગ પાંચમા ભાવમાં થયો છે માટે શિક્ષણ સાથે જોડાયેલ વર્ગથી સરકારને નુકસાન થાય. ઉપરાંત મંગળ પરથી રાહુનું ભ્રમણ ક્રાંતિકારી પરિવર્તનનું સૂચન કરે છે. બારમો શનિ બુધ-કેતુ પરથી પસાર થાય છે માટે સરકારી નોકર નેતા અને સત્તામાં રહેલ પક્ષનો વાણીવિલાસ વધે પણ લોકોની અપેક્ષાઓને સંતોષ મળે નહીં. નવેમ્બર-2027માં જ્યારે ચૂંટણીઓ યોજાશે ત્યારે શુક્રની મહાદશામાં શુક્રની અંતરદશા 2030 સુધીની છે અને લગભગ ચંદ્ર-મંગળની પ્રતિ અંતર દશા હશે. શુક્ર-ચંદ્ર-મંગળ એકબીજાને પ્રતિકૂળ ફળ આપનાર ગ્રહો છે. દશાનાથ સાથે દુશ્મનીનો સંબંધ છે માટે ગુજરાતમાં 2027ની ચૂંટણીઓનાં પરિણામ ચોંકાવનારાં હશે. ખાસ કરીને સત્તાધારી પક્ષ માટે શુભ સમય નથી પણ ગુજરાતના વિકાસ માટે સમય સુધરી રહ્યો છે. દશા-ગોચર અને અતિચારી ગુરુ નવા પરિવર્તનનું સૂચન કરે છે. ગ્રહોની ચાલને કોઈ જ બદલી શકતું નથી. રાશિ પરિવર્તનથી જે ઊર્જા પેદા થાય છે તેની અસર થયા વગર રહે નહીં.

જુહાપુરામાંથી ડ્રગની ફેક્ટરી ઝડપાઈ

પ્રવાહી અને પાવડર સ્વરૂપમાં 27.55 ગ્રામ એમડી ડ્રગ્સ મળ્યું

મકાન માલિક અને સૂત્રધાર મુદસ્સર અહેમદ ખાનની અટકાયત

બોપલની કોફી શોપ સુધી તપાસનો રેલો પહોંચ્યો

અમદાવાદ : અમદાવાદના જુહાપુરામાં રહેણાક મકાનના ભોંયરામાં જ નશાના કાળા કારોબારની ગુપ્ત લેબોરેટરી ધમધમતી હતી. બહારથી સામાન્ય મકાન અને અંદર ભોંયરામાં પ્રતિબંધિત મેફેડ્રોન (MD) ડ્રગ્સ બનાવવાની ફેક્ટરી સહિતની વ્યવસ્થાનો પર્દાફાશ થયો છે. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) ના અમદાવાદ ઝોનલ યુનિટે ગુજરાત પોલીસ સાથે મળીને હાથ ધરેલા 'ઓપરેશન સિન્થેટિક ડ્રગ'માં આ ગુપ્ત લેબોરેટરીનો પર્દાફાશ કર્યો છે. સરખેજના ગ્યાસપુર વિસ્તારમાં મોહમ્મદી પાર્ક નજીક આવેલા મકાનમાંથી 130.613 કિલોગ્રામ રસાયણો અને વિવિધ લેબોરેટરીનાં સાધનો જપ્ત કરવામાં આવ્યાં છે. એટલું જ નહીં, મકાનના ડ્રોઅરમાંથી પ્રવાહી અને પાવડર સ્વરૂપમાં કુલ 27.55 ગ્રામ એમડી ડ્રગ્સ પણ મળી આવ્યું છે. આ મામલે મકાન માલિક મુદસ્સર અહેમદ ખાનની અટકાયત કરવામાં આવી છે. તપાસનો રેલો બોપલ સુધી પહોંચ્યો છે, જ્યાં આરોપી સાથે સંકળાયેલી કોફી શોપમાં પણ એનસીબીએ સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે.

અમદાવાદના સરખેજ-જુહાપુરામાં રહેણાક મકાનના બેઝમેન્ટમાં એમડી ડ્રગ્સ બનાવવાની ગુપ્ત ફેક્ટરી ચલાવવાના કૌભાંડમાં મુખ્ય સૂત્રધાર તરીકે મુદસ્સર અહમદ ખાન પઠાણની સંડોવણી બહાર આવતા તેને ઝડપી લેવાયો છે. મોહમ્મદી પાર્ક નજીક આવેલી લબ્બૈક પાર્ક-2 સોસાયટીના મકાનના બેઝમેન્ટમાં એનસીબીએ 'ઓપરેશન સિન્થેટિક ડ્રગ્સ' હેઠળ દરોડો પાડીને એમડી ડ્રગ્સ, 25 પ્રકારનાં કેમિકલ્સ, અંદાજે 130 કિલો રસાયણો અને લેબોરેટરીનાં સાધનો જપ્ત કર્યાં છે.

મકાનની બહાર 'M.M. Pathan'ના નામનું બોર્ડ લાગેલું હતું. તપાસમાં આરોપી મુમતપુરા રોડ પર 'રતલામ કેફે' પણ ચલાવતો હોવાનું સામે આવતાં એનસીબીએ ત્યાં પણ દરોડા પાડ્યા છે. બીજી તરફ, ડ્રગ્સના ઉત્પાદન માટે જરૂરી કેમિકલ્સનો જથ્થો મધ્યપ્રદેશના મંદસૌરથી અમદાવાદ પહોંચતો હોવાની પ્રાથમિક વિગતો મળતાં તપાસનો રેલો હવે ગુજરાત બહાર સુધી લંબાયો છે.

રહેણાક મકાનના ભોંયરામાં ગુપ્ત લેબોરેટરી

એનસીબી અમદાવાદ ઝોનલ યુનિટને ચોક્કસ બાતમી મળ્યા બાદ આ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. એનસીબીની ટીમે 'ઓપરેશન સિન્થેટિક ડ્રગ' શરૂ કરીને સરખેજ રોડ, ગ્યાસપુર, અંબર ટાવર, 100 ફૂટ રિંગ રોડ, કેનાલ પાછળ આવેલા લબ્બૈલ પાર્ક વિસ્તારમાં મકાન નંબર L-2/13 ખાતે તપાસ હાથ ધરી હતી. મકાન મુદસ્સર અહેમદ ખાનનું હોવાનું તપાસમાં સામે આવ્યું છે. ટીમે મકાનના ભોંયરામાં તપાસ કરતાં મેફેડ્રોન (MD)ના ગેરકાયદે ઉત્પાદન માટે ઉપયોગમાં લેવાતી હોવાની આશંકા ધરાવતી ગુપ્ત લેબોરેટરી મળી આવી હતી. અહીં વિવિધ પ્રકારનાં રસાયણો, કેમિકલ્સ અને ડ્રગ્સના ઉત્પાદન માટે ઉપયોગમાં લેવાતાં સાધનો મળી આવ્યાં હતાં.

પ્રવાહી અને પાવડર સ્વરૂપમાં એમડી ડ્રગ્સ મળ્યું

દરોડા દરમિયાન મકાનના એક ડ્રોઅરમાંથી મેફેડ્રોન મળી આવ્યું હતું. જેમાં પ્રવાહી સ્વરૂપમાં 26.85 ગ્રામ પદાર્થ મળી આવ્યો હતો, જોકે તેમાં કાચની શીશીનું વજન પણ સામેલ છે. જ્યારે પાવડર સ્વરૂપમાં 0.70 ગ્રામ MD ડ્રગ્સ મળી આવ્યું હતું. આમ, બંને સ્વરૂપમાં કુલ 27.55 ગ્રામ શંકાસ્પદ મેફેડ્રોન જપ્ત કરવામાં આવ્યું છે.

130.613 કિલો રસાયણો અને કેમિકલ્સ જપ્ત

વિવિધ પ્રકારનાં એસિડ
ઔદ્યોગિક કેમિકલ્સ
સોલ્વન્ટ્સ અને અન્ય રસાયણો
86.650 કિલો મિથાઇલ ડાઇક્લોરાઇડ
12.920 કિલોગ્રામ સલ્ફર-મુક્ત ટોલ્યુઇન
9.115 કિલોગ્રામ પ્રોપિયોનાઇલ ક્લોરાઇડ અને મિથાઇલ ડાઇક્લોરાઇડનું મિશ્રણ
4.046 કિલોગ્રામ ગ્લેશિયલ એસિટિક એસિડ
સોડિયમ હાઇડ્રોક્સાઇડ - સોડિયમ બાયકાર્બોનેટ
એસિટોન, સલ્ફ્યુરિક એસિડ, મિથાઇલએમાઇન
હાઇડ્રોક્લોરિક એસિડ, હાઇડ્રોબ્રોમિક એસિડ
એલ્યુમિનિયમ ક્લોરાઇડ, હાઇડ્રોજન પેરોક્સાઇડ

આ લેબોરેટરીના સાધનો કબજે લેવાયા

હીટિંગ મેન્ટલ્સ
ડિજિટલ મેગ્નેટિક સ્ટિરર્સ
પિપેટ્સ, રાઉન્ડ બોટમ ફ્લાસ્ક
ડ્રોપિંગ ફનલ, સેપરેટિંગ ફનલ
બીકર્સ, સ્ટેન્ડ્સ, સ્પીડ રેગ્યુલેટર્સ
તાપમાન માપવાનાં સાધનો

મકાન માલિકની અટકાયત, બોપલની કોફી શોપમાં પણ તપાસ

આ સમગ્ર કાર્યવાહી દરમિયાન મકાન માલિક મુદસ્સર અહેમદ ખાનની અટકાયત કરવામાં આવી છે. તપાસમાં આરોપી બોપલ વિસ્તારમાં કોફી શોપ પણ ચલાવતો હોવાનું સામે આવતાં NCBની ટીમે ત્યાં પણ સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. કોફી શોપ અને જુહાપુરામાં મળી આવેલી ગુપ્ત લેબોરેટરી વચ્ચે કોઈ નાણાકીય કે અન્ય પ્રકારની કડી છે કે કેમ, તે દિશામાં તપાસ ચાલી રહી છે. જોકે, કોફી શોપની સંડોવણી અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિષ્કર્ષ જાહેર કરવામાં આવ્યો નથી.

ગુજરાત ઝોનલ યુનિટની મોટી કાર્યવાહી

એનસીબીના ગુજરાત ઝોનલ ડિરેક્ટર તરીકે ઘનશ્યામ સોનીએ ચાર્જ સંભાળ્યા બાદ અમદાવાદમાં આ પ્રથમ મોટું ઓપરેશન હોવાનું જાણવા મળ્યું છે. ગુજરાત પોલીસના સહયોગથી હાથ ધરાયેલા આ ઓપરેશનમાં રહેણાક મકાનના ભોંયરામાં ચાલતી હોવાની આશંકા ધરાવતી ગુપ્ત લેબોરેટરીનો પર્દાફાશ થયો છે

ગુજરાતમાં ૧૯ નવેમ્બરથી તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો ઘટાડો થવાની આગાહી

હાલ રાજ્યભરમાં વાતાવરણ સૂકું, દિવસનું તાપમાન ૩૨થી ૩૬ ડિગ્રી વચ્ચે યથાવત્

ઉત્તર ગુજરાત અને કચ્છમાં ઠંડીનું જોર વધુ રહેવાની શક્યતા

અમદાવાદ : ગુજરાતમાં હાલ દિવસ દરમિયાન ગરમી અને વહેલી સવારે તથા રાત્રે હળવી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે, ત્યારે આગામી સપ્તાહના મધ્યભાગથી ઠંડીનો ચમકારો વધવાની શક્યતા છે. હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ લઘુત્તમ તાપમાનમાં ખાસ ફેરફાર નહીં થવાની અને ત્યારબાદ રાજ્યભરમાં તાપમાનનો પારો ધીમે ધીમે ૨થી ૩ ડિગ્રી ગગડવાની આગાહી કરી છે. ખાસ કરીને ૧૯ અને ૨૦ નવેમ્બર આસપાસ ઉત્તર અને પૂર્વ દિશાના ઠંડા પવનોને કારણે વહેલી સવારે તથા રાત્રે ઠંડી વધુ અનુભવાશે. ઉત્તર ગુજરાત અને કચ્છમાં રાજ્યના અન્ય વિસ્તારોની સરખામણીએ ઠંડીનું પ્રમાણ વધારે રહેવાની શક્યતા છે. હવામાન વિભાગના સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, રવિવારે રાજ્યના ગુજરાત પ્રદેશ, સૌરાષ્ટ્ર-કચ્છ તથા દીવ, દમણ અને દાદરા-નગર હવેલીમાં વાતાવરણ સૂકું રહ્યું હતું. સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર વધારો થયો હતો, જ્યારે રાજ્યના અન્ય ભાગોમાં તાપમાનમાં મોટો ફેરફાર નોંધાયો નહોતો. કચ્છના કેટલાક વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન સામાન્ય કરતાં વધુ નોંધાયું હતું. ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં પણ તાપમાન સામાન્ય કરતાં ઊંચું રહ્યું હતું. રાજ્યમાં મહુવામાં ૧૬.૯ ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

ઉત્તર ગુજરાત અને કચ્છમાં ઠંડીનો વધુ અનુભવ થશે

આગામી ૧૬થી ૧૮ નવેમ્બર દરમિયાન રાજ્યમાં હાલ જેવું જ વાતાવરણ રહેવાની શક્યતા છે. અમદાવાદ, ગાંધીનગર સહિત મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રના મોટા ભાગના શહેરોમાં લઘુત્તમ તાપમાન ૧૮થી ૨૦ ડિગ્રી અને મહત્તમ તાપમાન ૩૨થી ૩૩ ડિગ્રીની આસપાસ રહેવાની શક્યતા છે. જોકે, ૧૯ નવેમ્બર પછી ઉત્તર-પૂર્વીય ઠંડા પવનોનું પ્રમાણ વધતાં તાપમાનમાં ઘટાડો થઈ શકે છે. બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા અને કચ્છના વિસ્તારોમાં લઘુત્તમ તાપમાન ૧૪થી ૧૬ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે. અમદાવાદ, ગાંધીનગર અને વડોદરા સહિત મધ્ય ગુજરાતમાં રાત્રિ અને વહેલી સવારે તાપમાન ૧૬થી ૧૮ ડિગ્રી વચ્ચે રહેવાની શક્યતા છે. જ્યારે રાજકોટ, અમરેલી, ભાવનગર અને સુરત સહિત સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં રાત્રિનું તાપમાન ૧૮થી ૨૧ ડિગ્રીની આસપાસ રહી શકે છે.

આગામી દિવસોમાં પવનની દિશા મુખ્યત્વે ઉત્તર-પૂર્વ અને પૂર્વ તરફની રહેવાની શક્યતા છે. પવનની ગતિમાં વધારો થતાં વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઘટશે અને સવાર-સાંજ ઠંડીનો અનુભવ વધશે. અમદાવાદમાં આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાન આશરે ૨૦ ડિગ્રી રહેવાની હવામાન વિભાગે આગાહી કરી છે. આમ, હાલ દિવસ દરમિયાન ગરમી અને રાત્રે હળવી ઠંડી વચ્ચે આગામી સપ્તાહના અંત સુધીમાં રાજ્યમાં શિયાળાનો અહેસાસ વધુ ઘેરો બનવાની શક્યતા છે.

રાજકોટમાં ૩૬.૪ ડિગ્રી સાથે સૌથી વધુ ગરમી

રવિવારે રાજ્યમાં દિવસ દરમિયાન ગરમીનો અનુભવ યથાવત્ રહ્યો હતો. રાજકોટમાં ૩૬.૪ ડિ.સે. મહત્તમ તાપમાન નોંધાયું હતું. સુરતમાં ૩૫.૪, અમરેલીમાં ૩૫.૩, સુરેન્દ્રનગરમાં ૩૫.૩, કેશોદમાં ૩૫.૧, અમદાવાદ અને વડોદરામાં ૩૫.૦, ભૂજમાં ૩૫.૮, કંડલા પોર્ટ પર ૩૫.૦, ડીસામાં ૩૪.૭, ગાંધીનગરમાં ૩૩.૦, વલ્લભ વિદ્યાનગરમાં ૩૪.૯ અને દમણમાં ૩૨.૪ ડિ.સે. મહત્તમ તાપમાન નોંધાયું હતું. બીજી તરફ, રાત્રિના તાપમાનમાં ગાંધીનગરમાં ૧૮.૫, અમદાવાદમાં ૧૯.૬, ડીસામાં ૧૯.૪, ભૂજમાં ૨૧.૮, નલિયામાં ૨૦.૦, ભાવનગરમાં ૧૯.૮, રાજકોટમાં ૨૧.૫, સુરેન્દ્રનગરમાં ૨૨.૩, કેશોદમાં ૧૯.૧, વડોદરામાં ૧૮.૦ અને સુરતમાં ૧૯.૬ ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

અનુસંધાન... પાના પહેલાનું

યુએઈમાં માર્ગ...

ઈજિપ્તીયન નાગરિકો, છ ઓમાની નાગરિકો અને બે બ્રાઝિલિયન નાગરિકોનો સમાવેશ થાય છે." 'ગલ્ફ ન્યૂઝ'ના શનિવારના અહેવાલ મુજબ, ગુજરાતના આ કિશોરની ઓળખ આતિફ મોહમ્મદ ઈમરાન મન્સૂર તરીકે થઈ છે. જ્યારે આ અકસ્માત થયો ત્યારે તે યુએઈની મુલાકાતે આવેલા તેના પરિવાર સાથે મુસાફરી કરી રહ્યો હતો. આ પરિવાર ભારત પરત ફરવા માટે ફુજૈરાહ આંતરરાષ્ટ્રીય વિમાનમથક તરફ જઈ રહ્યો હતો ત્યારે આ અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં તેના માતા-પિતા અને મોટી બહેન ઘાયલ થયા છે અને હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે.

અન્ય ત્રણ ભારતીય મૃતકો કેરળના મલપ્પુરમ જિલ્લાના વેંગારાના એક પરિવારના સભ્યો હતા.

રાજસ્થાન રેલવે...

રાજસ્થાન ATS અને ગંગાનગર પોલીસે પંજાબ કાઉન્ટર ઈન્ટેલિજન્સ અને ગુરદાસપુર પોલીસના સંકલનમાં 14 નવેમ્બરના રોજ સંયુક્ત ઓપરેશન હાથ ધરીને આ ધરપકડો કરી હતી. ADGP દિનેશ એમ. એન.ના નિર્દેશ હેઠળ, શ્રીગંગાનગર SP હરિશંકરના નેતૃત્વમાં એક સંયુક્ત ટીમની રચના કરવામાં આવી હતી. આ ટીમે કેન્દ્રીય તપાસ એજન્સીઓ પાસેથી ઈનપુટ એકત્રિત કર્યા હતા અને શંકાસ્પદોની ટેકનિકલ માહિતી તથા સોશિયલ મીડિયા એકાઉન્ટ્સનું વિશ્લેષણ કર્યું હતું. તપાસમાં ગુરદાસપુરના રહેવાસી મહકદીપ કૌર અને દેવેન્દ્ર સિંહની સંડોવણી બહાર આવી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે કૌરના પતિ કરણવીર સિંહની અગાઉ પંજાબમાં નાર્કોટિક્સ સ્મગલિંગના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે જણાવ્યું કે તેની ધરપકડ બાદ કૌર કથિત રીતે પાકિસ્તાન સ્થિત હેન્ડલર્સના સંપર્કમાં આવી હતી. તપાસકર્તાઓએ 'શાહ' નામના પાકિસ્તાની હેન્ડલર અને પાકિસ્તાનમાં 'ચાચા' તરીકે ઓળખાતા અન્ય એક વ્યક્તિની ઓળખ કરી છે, જેમણે કથિત રીતે આરોપીઓને રેલવે ટ્રેક વિસ્ફોટ કરવા માટે નિર્દેશ આપ્યો હતો.

બાંગ્લાદેશમાં ગારમેન્ટ...

અન્ય 5 ફેક્ટરીઓમાં 1 દિવસની રજા જાહેર કરવામાં આવી હતી. વિરોધ કરી રહેલા કામદારો ગાઝીપુરના કોનાબારી અને મૌચાક વિસ્તારોમાં એકઠા થયા હતા, જેના પગલે પોલીસે તેમને વિખેરવા માટે ટીયર ગેસ અને સાઉન્ડ ગ્રેનેડનો ઉપયોગ કરવો પડ્યો હતો. ફેક્ટરી માલિકોએ જણાવ્યું હતું કે, ઔદ્યોગિક વિસ્તારમાં 50 એકમો બંધ રહ્યા હતા. આ તાજેતરનો વિક્ષેપ લઘુત્તમ માસિક પગાર 12,500 ટકા (100 યુએસડી)થી વધારીને 30,000 ટકા (240 યુએસડી) કરવાની કામદારોની માંગને લઈને અઠવાડિયાઓથી ચાલી રહેલા વિરોધ પ્રદર્શનો વચ્ચે આવ્યો છે, જેમાં મુખ્ય ઔદ્યોગિક પટ્ટાઓમાં દેખાવો અને ફેક્ટરીઓ બંધ રહેવાના અહેવાલો સામે આવ્યા છે.

પ્રદૂષણહીન ઉડ્ડયનઃ...

વધુ સમય હવામાં વિતાવ્યો હતો અને 60.4 કિલોમીટરનું અંતર કાપ્યું હતું. એન્જિનિયરોએ અહેવાલ આપ્યો છે કે તમામ સિસ્ટમોએ સામાન્ય રીતે કામ કર્યું હતું અને આ ઉડાન દરમિયાન વિમાને અપેક્ષા મુજબ જ કામગીરી બજાવી હતી. હાલમાં આ વિમાનને નાના વિમાન તરીકે વિકસાવવામાં આવ્યું છે અને તે કલાકના ૩૦૦ કિમીની ઝડપે ઉડી શકે છે અને ૪૦૦ કિમીના અંતર સુધી જઈ શકે છે. એટલે કે નજીકના બે શહેરો વચ્ચે ઉડાન ભરવા માટે તે સક્ષમ છે.

અમેરિકી એરપોર્ટ...

અહેવાલ મુજબ, તમામ 166 મુસાફરો અને છ ક્રૂ સભ્યોને વિમાનમાંથી સુરક્ષિત નીચે ઉતારી લેવામાં આવ્યા હતા અને કોપા વિમાન ટર્મિનલ પર પરત ફર્યું હતું. સીએનએનએ એરપોર્ટના કોમ્યુનિકેશન ડિરેક્ટર ગ્રેગ ચિનને ટાંકીને જણાવ્યું હતું કે, બંને વ્યક્તિઓને સામાન્ય ઈજાઓ થઈ હતી અને તેમને ઘટનાસ્થળે જ સારવાર આપવામાં આવી હતી. કોપાની ફ્લાઇટ પનામા સિટીથી આવી હતી, જ્યારે યુપીએસનું વિમાન કોલંબિયાના બોગોટા જવા માટે રવાના થવાની તૈયારી કરી રહ્યું હતું.

ઇરાનનો બહેરીનમાં...

મથક છે, અને આ પ્રદેશમાં તમામ કામગીરી માટે સમર્થનના મુખ્ય કેન્દ્ર તરીકે પણ કામ કરે છે. આજે સવારે ઈરાનના ડ્રોનનું નિશાન એક અલગ લક્ષ્ય હતું - રાજધાનીની દક્ષિણે અલ-રિફામાં આવેલું અમેરિકી એરબેઝ. સરકારી બહેરીન ન્યૂઝ એજન્સી આજે સવારે તેમના ખાડી પડોશી દેશને નિશાન બનાવવાની ઈરાનની કાર્યવાહી પર પ્રતિક્રિયા આપતા પ્રદેશના દરેક દેશના નિવેદનો પણ પ્રસારિત કરી રહી છે. જોર્ડન, ઈજિપ્ત, સાઉદી અરેબિયા અને કતાર તમામે આ હુમલાની સખત નિંદા કરી છે અને બહેરીન પ્રત્યે એકતા વ્યક્ત કરી છે. મધ્ય પૂર્વમાં અમેરિકી દળોની દેખરેખ રાખતા અમેરિકન સૈન્યના સેન્ટ્રલ કમાન્ડ(CENTCOM) તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી. આ ઘટનાક્રમ એવા સમયે સામે આવ્યો છે જ્યારે CENTCOMએ શુક્રવારે કહ્યું હતું કે તેણે બહેરીન તરફ જઈ રહેલા બે ઈરાની ડ્રોનને તોડી પાડ્યા છે અને તે સમયે ઈરાનના એ દાવાને ફગાવી દીધો હતો કે તેણે ત્યાં અમેરિકી અર્લી-વોર્નિંગ રડાર સિસ્ટમને નિશાન બનાવી છે.

દરમ્યાન, ઈઝરાયેલે જણાવ્યું હતું કે તેણે દક્ષિણ ગાઝામાં કરેલા હવાઈ હુમલામાં હમાસના એક ટોચના કમાન્ડરને ઠાર માર્યો છે. હમાસે એક નિવેદનમાં જૂથની રફાહ બ્રિગેડના કમાન્ડર સમીર મહમૂદ અબુ યુનિસના મોતની પુષ્ટિ કરી હતી અને જણાવ્યું હતું કે દિવસના અંત ભાગમાં તેમની અંતિમવિધિ કરવામાં આવશે. સેનાએ જણાવ્યું હતું કે રવિવારના હુમલામાં તેણે હમાસના અન્ય આતંકવાદીઓને પણ નિશાન બનાવ્યા હતા, પરંતુ તે અંગે કોઈ વધારાની વિગતો આપી ન હતી. જોર્ડનની સ્ટેટ સિક્યુરિટી કોર્ટે રવિવારે કરક શહેરમાં આવેલા ગ્રીક ઓર્થોડોક્સ ચર્ચમાં ગયા મહિને થયેલા જીવલેણ ગોળીબાર બદલ ત્રણ શખ્સોને મૃત્યુદંડની સજા સંભળાવી છે, તેમ સરકારી ટીવી ચેનલ 'અલ મમલકા'એ જણાવ્યું હતું. આ શખ્સો પર "આતંકવાદી કૃત્યો આચરવાનો" આરોપ મૂકવામાં આવ્યો હતો. 23 ઓક્ટોબરના રોજ થયેલો આ હુમલો દાયકાઓમાં જોર્ડનના ખ્રિસ્તી લઘુમતી સમુદાય પર થયેલા સૌથી ભયાનક હુમલાઓમાંનો એક હતો, જેમાં નવ લોકો માર્યા ગયા હતા અને અન્ય ડઝનબંધ લોકો ઘાયલ થયા હતા.

છોટાઉદેપુરથી ભૂપેન્દ્ર પટેલે આદિવાસી વિકાસનું નવું ચિત્ર રજૂ કર્યું

જનજાતીય ગૌરવ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી

મુખ્યમંત્રીના હસ્તે 14 આદિવાસી જિલ્લાઓમાં વિકાસકાર્યોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

ગાંધીનગર : ગુજરાતના આદિવાસી પટ્ટામાં રાજકીય અને વિકાસલક્ષી એજન્ડાને વધુ મજબૂત બનાવવાના પ્રયાસો વચ્ચે છોટાઉદેપુરમાં જનજાતીય ગૌરવ દિવસની રાજ્યકક્ષાની ઉજવણી યોજીને ભાજપ સરકારે આદિવાસી સમાજ સુધી વિકાસનો સંદેશ પહોંચાડ્યો છે. ભગવાન બિરસા મુંડાની 151મી જન્મજયંતીના અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એકસાથે રૂ. 2,283.97 કરોડનાં વિકાસકાર્યોની ભેટ આપી આદિવાસી વિસ્તારોમાં આગામી વિકાસની રૂપરેખા રજૂ કરી હતી. ખાસ કરીને આગામી પાંચ વર્ષમાં જનજાતીય વિસ્તારોમાં રૂ. 2 લાખ કરોડનાં વિકાસકામોનું આયોજન, છોટાઉદેપુરને સ્પોર્ટ્સ અને ફૂડ પ્રોસેસિંગ હબ બનાવવાની જાહેરાત તથા 14 આદિવાસી જિલ્લાઓમાં નવી પ્રાકૃતિક કૃષિ આધારિત વાડી સહાય યોજનાનો પ્રારંભ આ કાર્યક્રમનાં મુખ્ય આકર્ષણ રહ્યાં હતાં. મુખ્યમંત્રીએ આદિવાસી વિસ્તારોમાં અગાઉ પાકા રસ્તાની માગણી થતી હતી ત્યાં હવે હાઇસ્પીડ કોરિડોરનું જોડાણ થઈ રહ્યું હોવાનું જણાવી વિકાસની બદલાતી તસવીર રજૂ કરી હતી. આદિવાસી મહિલાઓ અને સ્થાનિક કારીગરોની આજીવિકા વધારવા માટે 'શબરી બુથ' અને 'જોહાર કાફે' જેવી નવી પહેલનો પણ શુભારંભ કરવામાં આવ્યો હતો.

વનબંધુ કલ્યાણ યોજનાથી આદિવાસી વિકાસને નવી દિશા

છોટાઉદેપુરમાં યોજાયેલા કાર્યક્રમને સંબોધતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, વર્ષ 2007માં તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરાવેલી વનબંધુ કલ્યાણ યોજના આદિજાતિ સમાજના સર્વાંગી વિકાસ માટે માઇલસ્ટોન સાબિત થઈ છે. આદિવાસી સમાજના સ્વાતંત્ર્ય સંગ્રામમાં રહેલા બલિદાન અને યોગદાનને રાષ્ટ્રીય સ્તરે ઉજાગર કરવાનું કાર્ય પણ વડાપ્રધાનના નેતૃત્વમાં થયું છે. તેમણે જણાવ્યું હતું કે, અગાઉ આદિવાસી વિસ્તારોમાં ગામ સુધી પાકા રસ્તાની માગણી થતી હતી, પરંતુ આજે આ વિસ્તારો હાઇસ્પીડ કોરિડોરથી જોડાઈ રહ્યા છે. આગામી પાંચ વર્ષમાં જનજાતીય વિસ્તારોમાં રૂ. 2 લાખ કરોડનાં વિકાસકામોનું આયોજન કરવામાં આવ્યું છે.